## ૨ (૧૧) લખવાની શાહી, ધોબીની શાહી, સ્ટેમ્પ પેડ શાહી

### ૧. પ્રસ્તાવના

અ. ઉપયોગીતા :-

લખવાની શાહીનો ઉપયોગ સર્વ વ્યાપક છે. પ્રાચીન સમયમાં કાળી શાહીથી હસ્તપ્રતો લખવામાં આવતી હતી. આજની આધુનિક યુગમાં શાહીની ગુણવત્તા અને વિવિધતામાં ઘણી પ્રગતિ થઇ છે.

સ્ટેમ્પ પેડ શાહીનો ઉપયોગ વેપાર ધંધા અને ઓફીસ કાર્યમાં વધતો જાય છે અને માંગ પણ ઘણી રહે છે. ધોબીની શાહી (Laudry Marking Inke)નો ઉપયોગ કપડા પર માર્કિંગ કરવા માટે થાય છે.

બ. બજાર અને બજાર વ્યવસ્થા :-

ઉત્પાદક જીલ્લા કક્ષાએ ઉત્પાદન કરે અને વેચાણ વ્યવસ્થા ઉભી કરે. સરકારી સંસ્થાઓ કે નિગમો વેચાણ કરતાં નથી.

વેચાણ માટે બજારનો સંપર્ક રાખે અને ગ્રાહક અને ઉભો કરે તે જરૂરી છે.

ક. ધારણાઓ :-

કુટિર ઉદ્યોગ ધોરણે નાનાપાયા પર ઉપર જણાવેલ શાહીઓનું ઉત્પાદન સરળતાથી થઇ શકે છે. આ માટે જરૂરી જાણકારી ઉત્પાદક ધરાવે છે.

મુખ્ય વ્યકિત ૧ માણસને રોજંદી સેવા પર રાખી કાર્ય શરૂ કરે જે ઉત્પાદન અને વેચાણ માટે પુરતું ધ્યાન રાખી શકે.

### ૨. ઉત્પાદન પ્રક્રિયા :-

રંગ, નિસ્યંદિત પાણી, અન્ય કેમીકલ્સનું મીશ્રણ કરી લાંબા સમય સુધી સ્ટર કરવું. ત્યાર બાદ વોટર બાથ પર નવસેકુ ગરમ કરી મીશ્રણને ઠંડુ પડવા દેવું. મીશ્રણને ગાળી વેસલમાં સેટલ થવા દેવું. ૩-૪ દિવસ બાદ ફરીથી ગળ્યા બાદ શાહી જરૂરી રસાયણ ઉમેરી બોટલ, ખડીયા ભરી પેકીંગ કરવાનું રહે.

### ૨. ઉત્પાદન ક્ષમતા :-

લખવાની શાહીની ઉત્પાદન ક્ષમતા દૈનિક ૯ લીટર ગણી છે.પ્રથમ વર્ષે ઉત્પાદનક્ષ મતા ૫૦% ગણતાં રોજની ૪.૫ લીટર ગણાય.

### ૪. પરવાના અંગેની ખાસ જરૂરિયાત :-

આ કુટિર ઉદ્યોગ શરૂ કરવા કોઇ પણ જાતના પરવાનાની જરૂરીયાત નથી.

### ૫. સ્થાયી મૂડી રોકાણ :-

અ. જમીન/મકાન

આ ઉદ્યોગ શરૂ કરવા માટે આશરે ૨૦૦ ચો.ફુ. જગ્યાવાળા મકાનની જરૂર રહે. મકાનમાં પાણીની

ટાંકીની સગવડની તથા ઈલેકટ્રીક કનેકશન જરૂરી છે.

**બ. પ્લાન્ટ/મશીનરી/સાધનો/ફર્નીચર વિ.**

| અ.નં. | સાધનોનું વર્ણન | સંખ્યા | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | વોટર ડીસ્ટીલેશન મશીન | ૧ | રૂ. ૨૫૦૦/- |
| (૨) | ત્રાજવા-તોલા | ૧ સેટ | રૂ. ૧,૦૦૦/- |
| (૩) | સ્ટીલમા બાઉલ્સ, સ્ટવ પ્લાસ્ટીક કારબોય, ગળણી, ફીલ્ટર કલોથ, લેબોરેટરીમાં વપરનાં સાધનો જેવા કે બીકર ફલાસ્ક, થર્મોમીટર વિ. | - | ૨,૦૦૦/- |
| | કુલ | | રૂ. ૫,૫૦૦/- |

**ક. ઓફીસ ફર્નીચર વિ. :-**

ટેબલ, ખુરશી, કબાટ, ધોડા સ્ટુલ વિ. — રૂ. ૩,૫૦૦/-

**૬. કુલ સ્થાયી મૂડી રોકાણ :-** — રૂ. ૯,૦૦૦/-

**૭. ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :-**

કાચોમાલ જેવો કે શાહી માટેના જુદા જુદા રંગ જેવાકે ઈન્ક બલ્યુ કોન્સેન્ટ્રેટેડ, મીથાઈલ વાયોલેટ, નિગ્રોચી બ્લેક, ડ્રિસ્ટમ ઈઓસીન રેડ તથા ગેલીક એસીડ, ટેનીક એસીડ, ફેરસ સલ્ફેટ, ગ્લીસરીન, ફિનોલ, સીલ્વર નાઈટ્રેટ એસીટોન, કિસલીક એસીડ, ડીસ્ટીલ વોટર, ખાલી ખડીયા, બોટલ, શીશા વિ. ૧ માસનો તથા ૧ માસનો પગાર અને પાવર ખર્ચ મળીને કુલ — રૂ. ૪,૫૦૦/-

**૮. કુલ મૂડી રોકાણ :-** — રૂ. ૧૩,૫૦૦/-

**૯. બેંક લોન ટર્મલોન તથા કાર્યકારી ભંડોળ :-**

બેંક લોન ૩ (ત્રણ) માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૩૬ માસિક હપ્તાથી ભરપાઈ કરવાની રહે. વ્યાજનો દર ૧૨ ટકા ગણેલ છે. — રૂ. ૧૪,૦૦૦/-

**૧૦. આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :-**

અ. કાચોમાલ — રૂ. ૩,૮૦૦/-

બ. પગાર ખર્ચ

૧ વ્યક્તિ × રૂ. ૨૨/- દૈનિક × ૨૫ દિવસ — રૂ. ૫૫૦/-

ક. પાવર ખર્ચ — રૂ. ૧૫૦/-

ડ. બેંકનો હપ્તો વ્યાજ સાથે — રૂ. ૨૮૦/-

| | | |
|---|---|---|
| ઈ. | પેકીંગ ખર્ચ | રૂ. ૫૦/- |
| ફ. | ઘસારા ખર્ચ | રૂ.૭૫/- |
| જ. | રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | રૂ. ૧૦૦/- |
| ઝ. | મકાન ભાડું | રૂ. ૩૦૦/- |
| ઈ. | અન્ય ખર્ચ | રૂ. ૯૫/- |
| | કુલ આવર્તક ખર્ચ | રૂ. ૫,૪૦૦/- |

## ૧૧. કુલ વેચાણ (માસિક) :-

મહિનાના ૨૫ દિવસ કામના ગણતાં થતું ઉત્પાદન

| | | |
|---|---|---|
| ૧ | શાહીના ખડીયા ૬૦ મી.લી.-૧૦૦ ડઝન (રૂ. ૨૪/- ૧ડઝનના)- | રૂ. ૨,૪૦૦/- |
| ૨ | શાહીની બોટલ ૧૬૦ મી.લી.-૩૦ ડઝન(રૂ. ૫૦/-૧ ડઝનના) | રૂ. ૧,૫૦૦/- |
| ૩ | શાહીના શીશા ૭૫૦ મી.લી.-૧૦ ડઝન(રૂ. ૯૬-૧ડઝનના) | રૂ. ૯૬૦/- |
| ૪ | સ્ટેમ્પ પેડ ઈન્ક ૨૫ મી.લી.-૩૦ ડઝન(રૂ. ૩૦ -૧ ડઝનના) | રૂ. ૯૦૦/- |
| ૫ | ધોબીના શાહી ૧૫ મી.લી.-૩૦ ડઝન(રૂ.૩૦ - ૧ ડઝનના) | રૂ. ૯૦૦/- |
| કુલ | | રૂ. ૬,૬૬૦/- |

## ૧૨. નફાતોટાનો અંદાજ (માસિક) :-

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | રૂ. ૬,૬૬૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ. ૫,૪૦૦/- |
| ચોખ્ખો નફો માસિક | રૂ. ૧,૨૬૦/- |

## ૧૩. અન્ય વિગતો :-

**લખવાની શાહી બનાવવામાં ડીસ્ટીલ્ડ વોટર વાપરવાનું હોય છે. ટેપ વોટર વાપરી શકાય નહી. લખવાની શાહીનો ઉદ્યોગ શરૂ કરવા સહેલો અને ફાયદા કારક છે.** પરંતુ વેચાણ માટે ગુણવત્તાનુ **ધોરણ જાળવવું જરૂરી છે.**

## ૧૪. ખાસ નોંધ :-

**લખવાની શાહી, ધોબીની શાહી, સ્ટેમ્પ પેડ શાહીની તાલીમ ડાયમંડ જ્યુબલી કોટેજ ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટીટ્યુટ, વડોદરામાં આપવામાં આવે છે.**

## ૧૫. કાચામાલના ઉત્પાદકો/વિતરકો :-

**૧ યુનાઈટેડ ટ્રેડર્સ, ૩૦૬, નૈન કૃપા ૧૧૮/૧૨૨ કાઝી સૈયદ સ્ટ્રીટ, મુંબઈ - ૩**

**૨ માધવલાલ મણીલાલ એન્ડ કું., આસ્ટોડીયા રોડ, અમદાવાદ.**

૩ શાહ બ્રધર્સ, હિમાલય હાઉસ, પહેલે માળે, પલ્ટન રોડ, મુંબઇ - ૧

૪ મે. દુર્ગા ટ્રેડર્સ, છાણી જકાત નાકા પાસે, વડોદરા

૫ અમૃતલાલ ભુરાભાઇ એન્ડ કું. આનંદ ભવન, શામળદાસ ગાંધી માર્ગ, પો.બો.નં. ૨૩૮૯ મુંબઇ - ૨

## ૧૬. મશીનરી/સાધનો/ડાઈઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો :-

હિંદ બોટલ સ્ટોર, ૧૨૭, ચકલા સ્ટ્રીટ મુંબઈ-૩

એ. રશીદ એન્ડ કું. બેંક રોડ, વડોદરા.